ક્રમાંક: ગુજકા/વેટ-૧૭સી/૧૬-૧૭/જા.૧૯૩/૧૯૮

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી,
(કાયદા શાખા)
ગુજરાત રાજ્ય,
એ/૫, રાજ્ય કર ભવન, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

તારીખ : ૨૦/૧૨/૨૦૧૬

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

# જાહેર પરિપત્ર

વિષય:કલમ-૬૩ અને નિયમ-૪૪(૨) હેઠળ ઓડીટ રીપોર્ટ રજુ કરવાની સમય મર્યાદા લંબાવવા બાબત.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ ની કલમ-૬૩ ની જોગવાઇ હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ માટેના હિસાબો નિર્દિષ્ટ સત્તાધિકારી પાસે ખરાઇ કરાવી તે અંગેનો ઓડીટ રીપોર્ટ મેળવવાની સમય મર્યાદા તા.૩૧/૧૨/૨૦૧૬ છે.

આગામી સમયમાં અમલમાં આવનાર ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેકસ એકટને કારણે રાજ્યમાં હાલ વેટ કાયદા હેઠળ નોંધાયેલ વેપારીઓના GST માં માઇગ્રેશનની હાથ ધરાયેલ કામગીરી તેમજ સમગ્ર દેશમાં અમલમાં આવેલ ડીમોનીટાઇઝેશનની સ્થિતિને કારણે ઓડીટ રીપોર્ટ મેળવવાની સમય મર્યાદા લંબાવવા માટે વિવિધ વેપારી મંડળો તથા ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન દ્વારા રજુઆતો કરવામાં આવેલ છે.

આથી વર્ષ ૨૦૧૫-૧૬ માટેનો આવો ઓડીટ રીપોર્ટ હવે તા.૨૮/૨/૨૦૧૭ સુધીમાં મેળવી શકાશે અને તે બદલ ગુજરાત મૂલ્ય

વર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ ની કલમ-૬૩ અન્વયેની દંડકીય કાર્યવાહી કરવામાં આવશે નહીં.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. સંયુકત સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી(ત/મ)ના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા વિભાગીય અધિક/સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૬. તમામ નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૭. તમામ વાણિજ્યિક વેરા કચેરીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૮. આ કચેરીની તમામ શાખાઓ તરફ.
૯. મહામાત્ર તાલીમ / દફતર શાખાને ૧૦ નકલમાં
૧૦. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૧. એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૨. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૩. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( આર.બી.મંકોડી)
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ